# District Health Society

**District Programme Management Unit**

3rd Floor, Jilla Panchayat Bhavnagar (Gujarat).Ph:(0278) 2512443.


નં.જિ.પં/આરો/પી.એ.ન્યુટ્રીશન/NDD રાઉન્ડ/ 30 /20 તા: 15/01/2020

પ્રતિશ્રી

1) તાલુકા શિક્ષણ અધિકારીશ્રી, .....તમામ......

2) બી.આર.સી./સી.આર.સી.શ્રી, .....તમામ.....

3) આચાર્યશ્રી .....તમામ

4) તાલુકા હેલ્થ ઓફીસરશ્રી,તાલુકા હેલ્થ કચેરી........તમામ

5) સી.ડી.પી.ઓ.શ્રી, .....તમામ

6) મેડીકલ ઓફીસરશ્રી, પ્રાથમીક આરોગ્ય કેન્દ્ર..... તમામ

7) અર્બન હેલ્થ ઓફીસરશ્રી, અર્બન હેલ્થ સેન્ટર.... તમામ

7) મુખ્ય સેવિકાશ્રી, ....તમામ

વિષય :- રાષ્ટ્રીય કૃમિનાશક દિવસ(નેશનલ ડી વોર્મિંગ ડે), રાઉન્ડ માટે IEC , તાલિમ તેમજ પૂર્વ તૈયારી કરવા તેમજ ઉજવણી કરવા બાબત

સંદર્ભ:- 1) માન.કમિશનર આરોગ્ય અને પ.ક. ,માન. સચિવ પ્રાથમિક અને માધ્યમીક શિક્ષણ અને માન.કમિશનર વ સચિવ મહિલા અને બાળ વિકાસ, ગાંધીનગર ના પત્ર નં 549 / સી. ઓ.એચ./ એફ.ડબલ્યુ/ એસ.એન.સી./ એન.ડી.ડી.રાઉન્ડ ફેબ્રુઆરી-2020, તા:17/12/19

2) મા.અધિક નિયામકશ્રી(નયુટ્રીશન)ગાંધીનગર ના પત્ર નં 460 પક/એસ.એન.સી/એન.ડી.ડી.રાઉન્ડ ફેબ્રુઆરી-2020, તા:26/11/20

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે થયેલ સુચના મુજબ ભાવનગર જિલ્લામાં 10 ફેબ્રુઆરી 2020 ના રોજ ભારત સરકાર દ્વારા ૧ થી ૧૯ વર્ષ ના તમામ બાળકોમાં કૃમિ નિયંત્રણ માટે નેશનલ ડીવોર્મિંગ ડે (NDD) તેમજ 17 ફેબ્રુઆરી 2020 ના રોજ મોપ અપ ડે કાર્યક્રમ નક્કી કરવામાં આવેલ છે.

- ૧ થી ૧૯ વર્ષની વય જુથના તમામ બાળકોને એકજ દિવસે સામુહિક પ્રયત્નો દ્વારા માસ ડીવોર્મિંગ પ્રવુતિ કરી કૃમિનાશક ની ગોળી ગળાવવાની હોવાથી આંગણવાડી ખાતે નોંધાયેલ ન નોંધાયેલ તેમજ ન નોંધયેલ અને શાળાઓમાં , માધ્યમિક શાળા અને કોલેજના પેહલા વર્ષના કોલેજ જતા ન જતા બાળકોની યાદી બનાવવાની રહેશે. આ યાદી મુજબના બાળકોના ટાર્ગેટ મુજબ જરૂરી ગોળી નો સ્ટોક ઉપલબ્ધ હોય તે જોવું.
- આ પ્રોગ્રામનુ શિક્ષકો, આંગણવાડી કાર્યકર/તેમજ આશાબેન ની મદદ થી આરોગ્ય કાર્યકર દ્વારા માઇક્રો પ્લાન બનાવી અત્રેની કચેરીએ તા.5/2/2020 સુધીમાં મોકલી આપવાનુ રહેશે.

- દરેક શાળામાં **NDD** ની તમામ કામગીરી માટે નોડલ શિક્ષક નક્કી કરવાના રહેશે.
- આ કાર્યક્રમ **8 ફેબ્રુઆરી 2020** ના રોજ દરેક સ્કુલ માં તેમજ આંગણવાડી ખાતે આંગણવાડી કાર્યકર/વર્કર દ્વારા દરેક બાળકને આલબેન્ડાઝોલ ની ગોળી ગણાવવાની રહેશે.
- જો બાળક બિમાર હોય અથવા બીજી કોઇ સારવાર ચાલુ હોય તે બાળકને આ ગોળી ગળાવવી નહી.
- આ ગોળી શિક્ષક, આંગણવાડી કાર્યકર/વર્કર તેમજ આરોગ્ય કાર્યકર/આશાબેન ના સુપરવીઝન હેઠળ ગોળી ગળાવવા ની રહેશે પરંતુ ઘરે લઇ જવા આપવી નહી.
- કાર્યક્રમ શરૂ કરતા પહેલા લગત આરોગ્ય કર્મચારી, શિક્ષક, આશા તેમજ આંગણવાડી કાર્યકર/વર્કર અને બાળકો ના વાલી ને આ કાર્યક્રમની તાલીમ આપવાની રહેશે.
- દરેક સ્કુલ તેમજ આંગણવાડી કક્ષાએ બેનરો લગાવવા. દરેક તાલુકામાં દરેક ગામની શાળામાથી **તા.07/02/2020** ના રોજ બાળકો દ્વારા રેલીનું આયોજન કરવાનું રહેશે અને કરેલ કામગીરીના ફોટોગ્રાફ pa.bhavnagar@gmail.com પર મોકલવાના રહેશે.
- તેમજ ડીવોર્મિંગ બુથ/સાઇટ ખાતે સરકારી/અર્ધસરકારી તેમજ અન્ય શાળા અને આંગણવાડી ખાતે બુથ બેનર લગાવવાના રહેશે.
- તેમજ દરેક બુથ/સાઇટ ખાતે રીપોટીંગ ફોરમેટ બે-બે નકલ અચુક રાખવાના રહેશે.
- કામગીરી પુર્ણ થયે શાળા, આંગણવાડી તેમજ આશાબેનો દરેક પોતાને ત્યા કરવામાં આવેલ કામગીરીનું રીપોટીંગ કરવાનું રહેશે અને ANM/FHW/MPHS/MPW દ્વારા PHC સેન્ટર સુધી પોહ્ચાડવાનુ રહેશે .
- રીપોર્ટની એક કોપી દરેક શાળા તથા આંગણવાડી સેન્ટર પર રાખવાની રહેશે.
- આ તમામ કામગીરી આરોગ્ય, આઇ.સી.ડી.એસ. તેમજ શિક્ષણ વિભાગના સંકલન થી કરવાની રહેશે.

<u>કૃમિનાશક દવા (આલ્બેન્ડાઝોલ) આપવા માટે ઉમર પ્રમાણેના ડોઝ:</u>

(૧) <u>૧ થી ૨ વર્ષ સુધીના બાળકોને</u> ૨૦૦ મિ.ગ્રા.(૪૦૦ મિ.ગ્રા. ગોળીની અડધી ગોળી) આપવી.

(૨) <u>૨ વર્ષથી મોટી ઉમરના તમામ બાળકોને</u> આલ્બેન્ડાઝોલની ૪૦૦ મિ.ગ્રા.ની એક આખી ગોળી આપવી.

<u>ખાસ નોંધ:</u>

1) **રાષ્ટ્રીય કૃમિનાશક દિવસ(નેશનલ ડી વોર્મિંગ ડે)ના રાઉન્ડની તાલીમ માટે બજેટ લાઇન 9.5.2.19 ખર્ચ બુક કરવાનો રહેશે તેમજ IEC માટે બજેટલાઇન 12.2.6. ખર્ચ કરવાનો રહેશે અને આ રાઉન્ડ દરમ્યાન ટ્રેનીંગ તેમજ IEC નો 100% ખર્ચ પુર્ણ કરવા જણાવવામાં આવે છે અને થયેલ ખર્ચ ફેબ્રુઆરી ના એફ.એમ.આર માં બુક કરવાનો રહેશે .**

2) IEC માટે બેનર, પોસ્ટર અને પત્રિકા જીલ્લા કક્ષાએથી ફાળવવામાં આવશે એ સિવાયની નેશનલ ડી વોર્મિંગ ડે ની બાકી રહેતી IEC જેવી કે ભીત સુત્ર, નિબંધ સ્પર્ધા , માઇક પ્રચાર ,ટીવી તેમજ ન્યુઝ પેપરમાં જાહેરાત વગેરે જેવી જુદી-જુદી પ્રવુતિ આપની કક્ષાએથી કરવાની રહેશે.

3) 31/1/2020 સુધીમાં તાલુકા તેમજ પ્રા.આ.કેંદ્ર પર આરોગ્ય, આઇ.સી.ડી.એસ. તેમજ શિક્ષણ વિભાગના સંકલન કરી અને તાલીમ પુર્ણ કરી દેવાની રહેશે.

ઉપરોક્ત કરેલ તમામ કામગીરી ના ફોટોગ્રાફ જિલ્લા કક્ષાએ મોકલી આપવાના રહેશે.

બિડાણ:

1) માઈક્રોપ્લાનીંગ ફોર્મેટ
2) રીપોર્ટીંગ ફોર્મેટ( આશા, સ્કુલ, આગણવાડી અને પી.એચ.સી. & તાલુકા)
3) ટ્રેનીંગ & આઇ.સી.મટીરીયલ

જિલ્લા શિક્ષણ અધિકારી, જિલ્લા પંચાયત, ભાવનગર

પ્રોગામ ઓફીસર, આઇ.સી.ડી.એસ., જિલ્લા પંચાયત, ભાવનગર

જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત, ભાવનગર

સભ્ય સચિવ, D H S અને મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી,જિલ્લા પંચાયત, ભાવનગર

નકલ સવિનય રવાના :-

૧) અધિક નિયામકશ્રી (પ.ક.), આરોગ્ય તબીબી સેવાઓ અને ત.શિ. (આ.વિ.) - ગાંધીનગર.
૨) માન. નિયામકશ્રી, પ્રાથમીક અને માધ્યમીક શિક્ષણ- ગાંધીનગર.
૩) માન. નિયામકશ્રી, (આઇ.સી.ડી.એસ.) મહીલા અને બાળ વિકાસ - ગાંધીનગર.
૪) વિભાગીય નાયબ નિયામશ્રી, આરોગ્ય અને તબીબી સેવાઓ - ભાવનગર.
૫) માન.જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત - ભાવનગર

નકલ રવાના:-

૧) સ્ટેટ ન્યુટ્રીશન સેલ- ગાંધીનગર.
૨) જિલ્લા આર.સી.એચ. અધિકારીશ્રી, ભાવનગર.
૩) જિલ્લા કક્ષાના લાયઝન ઓફીસરશ્રી......તમામ.
૪) આર.પી.એ. ન્યુટ્રીશન, ભાવનગર.

# રાષ્ટ્રીય કૃમિ નાશક દિવસ (NDD) રાઉન્ડ (૧૦ ફેબ્રુઆરી ૨૦૨૦) ની માર્ગદર્શિકા

## (૧) <u>રાષ્ટ્રીય કૃમિ નાશક દિવસ રાઉન્ડ માટેનું આયોજન:</u>

(૧.૧) રાષ્ટ્રીય કૃમિ નાશક દિવસ ( ૧૦ ફેબ્રુઆરી ૨૦૨૦) શરૂ કરતા પહેલા, શાળા વાઇઝ, આંગણવાડી વાઇઝ, ગામ વાઈઝ પેટા કેન્દ્ર , પ્રા.આ.કેન્દ્ર, તાલુકા અને જીલ્લા લેવલે તારીજ પ્રમાણે માઈક્રોપ્લાન તૈયાર રાખી આયોજન કરવું.

(૧.૨) ફિમેલ હેલ્થ વર્કરે તેમના વિસ્તારના ૧ થી ૧૯ વર્ષ ના તમામ બાળકોની યાદી પ્રાથમિક શાળાના મુખ્ય શિક્ષક, આંગણવાડી વર્કર અને આશા ના સહયોગથી બનાવવાની રહેશે. શાળામાં જતા બાળકોની યાદી શિક્ષક સાથે, આંગણવાડી રજીસ્ટર થયેલ બાળકોની યાદી આંગણવાડી કાર્યકર સાથે અને શાળાએ નજતા તથા આંગણવાડીમાં રજીસ્ટર ન હોય એવા બાળકોની યાદી આશા સાથે રહી તૈયાર કરવાની રહેશે. શાળાની યાદી શિક્ષક પાસે આંગણવાડી અને શાળાએ ન જતા તથા આંગણવાડીમાં ન નોંધાયેલા બાળકોની યાદી આંગણવાડી ખાતે રાખવી. જતા અને શાળાએ ન જતા ૧ થી ૧૯ વર્ષના તમામ બાળકો , આંગણવાડી કેન્દ્રોમાં નોંધાયેલ અને ન નોંધાયેલ ૧ થી ૫ વર્ષના બાળકોને આલબેન્ડાઝોલ ટેબ્લેટ આપવી.

(૧.૩) રાષ્ટ્રીય કૃમિ નાશક દિવસ (૧૦ ફેબ્રુઆરી ૨૦૨૦) અને ૧૭ ફેબ્રુઆરી ૨૦૨૦ મોપ અપ રાઉન્ડ દરમ્યાન પ્રા.આ.કેન્દ્ર / તાલુકા / જીલ્લા લેવલ થી સુપરવિઝન અને મોનીટરીંગના પ્લાન બનાવવાનો રહેશે. આ ઉપરાંત શિક્ષણ અને આંગણવાડી વિભાગ સાથે સંકલન કરી દરેક લેવલના સુપરવાઇઝર દવારા સુપરવિઝન અને મોનીટરીંગ પ્લાન બનાવવાનો રહેશે.

## (૨) <u>રાષ્ટ્રીય કૃમિ નાશક દિવસ સ્ટોક અને લોજીસ્ટીક:</u>

(૨.૧) વર્ષ ૨૦૧૯-૨૦ રાષ્ટ્રીય કૃમિ નાશક દિવસ રાઉન્ડ દરમ્યાન ૧૦ ફેબ્રુઆરી ૨૦૨૦ ના રોજ કરવો અને મોપ અપ રાઉન્ડ ૧૭ ઓગસ્ટ ના રોજ કરવો. અને વર્ષ ૨૦૧૯-૨૦ના કાર્યભાર ગણાત્રી માટે ASER / DISE અને Census ના ડેટાનો ઉપયોગ કરવો. કાર્યભાર મુજબ આલબેન્ડાઝોલ નો સ્ટોક શાળા અને આંગણવાડી સુધી રાઉન્ડ શરૂ થાય તે પહેલા પહોચાડવાની રહેશે. આપના જીલ્લા/કોર્પોરેશન મા; હાલ ઉપલબ્ધ સ્ટોક ચેક કરી જો વધુ સ્ટોકની જરૂરીયાત હોય તો રાજય કક્ષાએ સત્વરે જાણ કરવી. લક્ષ્યાંકના 10% વધુ ઉમેરી સ્ટોક ગણવો.

(૨.૨) જિલ્લાકક્ષાએ આલબેન્ડાઝોલ 400 mg ના સ્ટોકનું વિતરણ કરતી વખતે નીચે પ્રમાણેની માહિતી જિલ્લાકક્ષાએ રાખવાની રહેશે.

- મેન્યુફેક્ચર ડેટ
- એક્સપાયરી ડેટ
- બેચ નંબર

(૨.૩) શાળા / આંગણવાડી ને આલબેન્ડાઝોલ 400 mg નો જથ્થો આપતી વખતે નીચે પ્રમાણેની માહિતી પ્રા.આ.કેન્દ્રો ખાતે રાખવાની રહેશે.

- મેન્યુફેક્ચર ડેટ
- એક્સપાયરી ડેટ
- બેચ નંબર

(૨.૪) સીરપ આલબેન્ડાઝોલ નો ઉપયોગ કરવો નહી.

## (૩) <u>આલબેન્ડાઝોલ ટેબ્લેટ આપવા માટે ઉંમર પ્રમાણેનો ડોઝ:</u>

(૩.૧) **<u>૧ થી ૨ વર્ષની વયના બાળકોને</u>** આલબેન્ડાઝોલ 200 mg ( 400 mg ની અડધી ગોળી) આપવાની રહેશે.

(૩.૨) **<u>૨ થી ૧૯ વર્ષની વયના બાળકોને</u>** આલબેન્ડાઝોલ 400 mg (સંપુર્ણ ગોળી) આપવાની રહેશે.

(૩.૩) ફક્ત શાળાના શિક્ષક / નોડલ શિક્ષક કે આંગણવાડી કાર્યકર ની હાજરીમાં આલબેન્ડાઝોલ ની ગોળી બાળકોને આપવાની રહેશે.

(૩.૪) બાળકોને ગોળી ચાવવાનું કહેવું અને ચાવ્યા બાદ સ્વચ્છ પાણી આપવું જેથી કરીને ગોળી ગળામાં ફસાઇ ન જાય. આલબેન્ડાઝોલ ટેબ્લેટ 400 mg દવા આંગણવાડી કેન્દ્રો ખાતે, શાળાઓમાં શિક્ષકો / હેડમાસ્ટર ની દેખરેખ અને આંગણવાડી કાર્યકરની દેખરેખ હેઠળ જ આપવી.

(૩.૫) બાળક બીમાર હોય તો ગોળી આપવી નહી, બાળકને ચાવ્યા વગર ગોળી ગળવાનું ન કહેવું., ગોળી ઘરે લેવા માટે બાળકને પરવાનગી આપવી નહી.,

## (૪) <u>રાષ્ટ્રીય કૃમિ નાશક દિવસ રાઉન્ડ માટેની આ.ઈ.સી:</u>

(૪.૧) ૧૦ ફેબ્રુઆરી ૨૦૨૦ રાઉન્ડ અને ૧૭ ફેબ્રુઆરી ૨૦૨૦ દરમ્યાન રાષ્ટ્રીય કૃમિ નાશક દિવસ અને મોપ અપ રાઉન્ડ માટે આરોગ્ય શિક્ષણની કામગીરીનુ દરેક લેવલ થી આયોજન કરવાનુ રહેશે.

(૪.૨) ગ્રામ્ય વિસ્તારોમાં આંગણવાડી કેન્દ્રો / શાળા (સબ સેન્ટરો) પર રાષ્ટ્રીય કૃમિ નાશક દિવસ, ૧૦ ફેબ્રુઆરી ૨૦૨૦ અને મોપ અપ રાઉન્ડ ૧૭ ફેબ્રુઆરી ૨૦૨૦ ને લગતા મુખ્ય સંદેશા ભીંત લખાણો દ્વારા દર્શાવી શકાય. આંગણવાડી કેન્દ્રો અને પેટા કેન્દ્રો પર IEC માટે જિલ્લામાં ઉપલબ્ધ IEC બજેટ પણ વાપરી શકે છે. હોલ્ડીંગ, રેલી, લઘુ શિબિર, બેનર, પોસ્ટર, નિબંધ સ્પર્ધા, દ્વારા આ.ઈ.સી. કરી શકાય.

(૪.૩) પ્રોગ્રામ બાબતે લોક જાગૃતિ ફેલાવાના હેતુથી રાષ્ટ્રીય કૃમિ નાશક દિવસ ૧૦ ફેબ્રુઆરી ૨૦૨૦ રાઉન્ડનુ ઉદઘાટન તે વિસ્તારના કોઇ રાજકીય પ્રતિનિધિ / લોક પ્રિય વ્યક્તિ દ્વારા કરવાનું રહેશે.

## (૫) <u>રાષ્ટ્રીય કૃમિ નાશક દિવસ તાલીમ:</u>

(૫.૧) જિલ્લાકક્ષાએ અને કોર્પોરેશન વિસ્તારમા વર્કશોપ માટે દરખાસ્ત કરેલ છે, જેનો ઉપયોગ ૧૦ ફેબ્રુઆરી ૨૦૨૦ ના રાષ્ટ્રીય કૃમિ નાશક દિવસ રાઉન્ડ માટે કરવાનો રહેશે. [બજેટ લાઈન ૯.૫.૨.૧૯ અને ૧૨.૨.૬ (IEC)] એના સાથે તાલીમમાં દરેક આંગણવાડી કાર્યકર તથા શિક્ષકોનો પણ સમાવેશ કરવાનો રહેશે.

## (૬) <u>આલબેન્ડાઝોલ 400 mg જાળવણી માટે નીચે મુજબની તકેદારી રાખો.</u>

(૬.૧) જરુરીયાત મુજબ બ્લોક હેલ્થ / પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર કક્ષાએ / શાળાઓ અને આંગણવાડી કેન્દ્રો ખાતે જરુરીયાત મુજબનો પુરવઠો ચકાસણી કરવી. NDD કીટ આલબેન્ડાઝોલ ટેબ્લેટ 400 mg, ટ્રેનિંગ હેન્ડઆઉટ, આઇ.ઇ.સી., રીપોર્ટીંગ ફોર્મ સાથે રાખવું.

(૬.૨) તમામ સ્તરે દવાઓ ઠંડી અને સુકી અને સ્વચ્છ જગ્યાએ રાખવી અને સીધો સુર્ય પ્રકાશ માં ન હોય એ જોવું.

(૬.૩) આલબેન્ડાઝોલ ટેબ્લેટ 400 mg ને બાળકોની પહોચની બહાર ઉંદર, ખીશકોલી, જેવા પ્રાણી થી દુર રાખો, તડકાથી દૂર, ઠંડકમાં રાખો. (પણ ફ્રિજમાં રાખવી નહી.)

## (૭) Adverse Event Management (AEM)

(૭.૧) ખાસ કરીને બાળકોના આંતરડામાં કૃમિનો ચેપ વધુ હોઈ આ બાબતે કૃપા કરી ભયભીત ન થવું. કેટલાક બાળકોમાં ગીળીના સેવન બાદ ઉબકા, પેટમાં દુખાવો, ઉલટી, ઝાડા અને થાક લાગવો જેવા લક્ષણો ઉભા થઈ શકે. શાળા કે આંગણવાડી ખાતે નોંધાયેલ કોઈપણ ઘટના સમયે વધુ ગભરાવું નહી અને એડવર્સ ઈવેન્ટ મેનેજમેન્ટ પ્રોટોકોલ મુજબ બાળકની સારવાર કરવી.

(૭.૨) આલબેન્ડાઝોલ ટેબ્લેટ 400 mg ચાવી શકાય છે. તેમ છતાં જો બાળક ગોળી ગળવામાં ગળાના ભાગમાં ફસાય જાય શ્વાસ લેવામાં બાળકને તકલીફ થાય તો બાળકને તમારા ખોળામાં ઉંધુ રાખી ગોળી બહાર ન નીકળી જાય ત્યાં સુધી પીઠ થબથબાવવી. કોઈપણ તબીબી સહાય માટે ફોન નંબર હેન્ડ આઉટમાં અચુક લખવો.

(૭.૩) ઈમરજન્સી રીસ્પોન્સ ટીમની રચના કરી તેનું હેન્ડઆઉટ શાળા / આંગણવાડી ખાતે લગાવવી. તથા દરેક સ્ટાફને તેના વિશે માહિતગાર કરવા.

## (૮) રાષ્ટ્રીય કૃમિ નાશક દિવસ રાઉન્ડનું રેકોર્ડીંગ અને રીપોર્ટીંગ :

(૮.૧) આલબેન્ડાઝોલ ટેબ્લેટ 400 mg આપ્યા પછી રસીકરણ કાર્ડ / રજીસ્ટર માં યાદીમાં એન્ટ્રી કરવાની રહેશે.

(૮.૨) રાજ્યકક્ષાએ રાષ્ટ્રીય કૃમિ નાશક દિવસ (૧૦ ફેબ્રુઆરી ૨૦૨૦) અને ૧૭ ફેબ્રુઆરી ૨૦૨૦ મોપ અપ રાઉન્ડનુ મોનીટરીંગનો રીપોર્ટ તેમને આપેલ લીંક દવારા કરવો. તમામ /મેડીકલ ઓફિસરશ્રી ઓફ હેલ્થ, મ્યુનિ.કોર્પોરેશન તમામે જિલ્લા કક્ષાએથી રાજ્યકક્ષાએ માઈક્રો અને મેક્રો ન્યુટ્રીઅન્ટ પ્રોગ્રામ મોનિટરીંગ ટીમ NDD અને મોપ અપ રાઉન્ડનો રીપોર્ટ NDD મોબાઈલ / વેબ એપ્લીકેશન દવારા તાલુકા લેવલેથી કરવાનો રહેશે.

(૮.૩) કોર્પોરેશન વિસ્તારમાં ૧૦ ફેબ્રુઆરી ૨૦૨૦ અને ૧૫ ફેબ્રુઆરી ૨૦૨૦ મોપ અપ રાઉન્ડની જવાબદારી કોર્પોરેશનના મેડીકલ ઓફિસર ઓફ હેલ્થ (MOH) અને કોર્પોરેશન પ્રોગ્રામ કો-ઓર્ડીનેટર (CPC)ની રહેશે. તેઓએ થયેલ કામગીરીનો રીપોર્ટ અત્રેની કચેરીને કરવાનો રહેશે.

(૮.૪) તાલુકા કક્ષાએથી રીપોર્ટ થયા બાદ જીલ્લા કક્ષાએથી રીપોર્ટ એપ્રુવ કરવાનો રહેશે.